# મારી વાત

આપણે ત્યાં સદીઓ પહેલાં બાળકને રમવા, પોષવા, સંસ્કારવા માટે પંચતંત્ર ને હિતોપદેશની પશુપક્ષી અને માણસનાં સહિયારાં પાત્રોવાળી વાતો આવી. વન, ઉપવન, જંગલ, પહાડો ને નદીઓના પર્યાવરણ પોષક પરિવેશ સાથે નીતિશાસ્ત્રના રોચક બોધિછોડ રોપાયા. પ્રાદેશિક ભાષાઓએ પણ એ છોડ વિકસાવ્યા ને બાળસાહિત્યનું મોકળું મેદાન રચાયું. કલ્પનાલોક ને રમ્ય સાહસકથાઓથી પેઢીઓનું મનોરંજન સાથે ઘડતર થયું. પણ દિવસે દિવસે જીવન સંકુલ બન્યું. વિજ્ઞાન, ટેકનોલોજી અને રાજસત્તાએ અર્બનજીવન પોષ્યું. બાળકના વિસ્મયમાં શિક્ષણ ઉમેરાયું. અનુભવની ક્ષિતિજો તેજીથી વિકસી. બાળકનું મનોરાજ્ય માત્ર કલ્પનાલોક ને રમ્ય સાહસયાત્રાઓ પૂરતું જ મર્યાદિત ન રહ્યું. કઠણ દુનિયાના વાસ્તવિક અનુભવોએ તેના ભાવજગતને, તેની જિવાતી જિંદગીને રગદોળી હચમચાવી નાખ્યું. શારીરિક ઉંમરના મુકાબલે માનસિક ઉંમર વધારે મોટી અને પાકટ બની.

પણ બાળકના તળ-વાસ્તવ-જગત સાથેના સંઘર્ષો, તેમની નિર્દોષ કિલકારીઓ ને કરુણાન્તિકાઓના વિષયો, પ્રૌઢ કલમોના પરિઘ બહાર રહી જતાં જણાય છે. બાળમાનસને પામવા-પ્રમાણવાના ટાગોર, આર.કે. નારાયણ જેવા ગંભીર પ્રયત્નોની ઉણપ વર્તાય છે. આતંક, બળાત્કાર, ઘરેલું હિંસા, ભ્રષ્ટાચાર, રાષ્ટ્રવાદ જેવા તોતિંગ રોકડિયા વિષયો સામે કદાચ નાજુક કળીઓની બૃહદ દુનિયા હાંસિયામાં રહી જતી અનુભવાય છે.

એક બાળક મારા અસ્તિત્વમાં જીવનની– આટાપાટા, અગરપાટ, ખારોપાટ, લૂણનો પટ જેવી રમતોની ઠોસ લપેટો ખમતું રહે છે, ઝઘડતું રહે છે, આઉટ થતું રહે છે. પરિવેશ ગમે તે હોય, મારી સર્જકતા બાળકની તળ મનોવેદના પામવા, માણવા, પ્રમાણવા મથતી હોય છે. ૨૦૦૦થી ૨૦૦૫ દરમિયાન લખાયેલી, અગ્રગણ્ય સામયિકો, સંપાદનોમાં પ્રસિદ્ધ થયેલી 'સિતારે જમીન પર' જેવી વાર્તાઓમાં વિકસતી કળીઓની કલ્પનાસભર તળ સંવેદનાઓ બહુધા ઝીલવાનો નમ્ર નવોન્મેષ છે.

'આટલું મોડું કેમ?' આ સવાલ આપ મને પૂછો એટલો જ હું (ડિમાન્ડ સપ્લાયના જમાનામાં) આપને પૂછું!!

મોડે મોડે પણ નિર્મળ બાલસૃષ્ટિને કલાઘાટમાં કંડારવાની ઉફરી શબ્દયાત્રાનો અતુલ્ય આનંદ આપના હાથમાં.

જન્માષ્ટમી, સંવત ૨૦૮૧ **– હસમુખ કે. રાવલ**

# તીતલીલૅન્ડ

સ્કૂલ-રિક્ષામાંથી તીતલી ઊતરી ત્યારે આકાશમાં ઘરર... ઘરર... થતું હતું. એક છોકરી બોલીઃ “વિમાન... વિમાન...” ને રિક્ષાની બધી ઊંદરડીઓ બહાર. “એ જાય... ઓ જાય...”નું સમૂહગીત ચાલ્યું. તીતલીએ ઊંચે જોઈ કહ્યું, “અલી મૂરખીઓ, આને હેલિકૉપ્ટર કહેવાય, એમ મારા પપ્પા...” આકાશમાં ચકરાતી તેની આંખો બીજે માળે સુકાતાં કપડાં વચ્ચે અટકી ગઈ ને જીભ ઠરી ગઈ. પપ્પા હતા, હસતા હતા. નીચેનું તીતલી-મંડળ જોતા હતા ને હાથનો ફ્લેગ ફરકાવતા હતા. “પપ્પા...” મોટેથી બૂમ મારતી તીતલી ઊડી તો ફ્લેટના ઉઘાડા બારણા સામે સામૈયું કરવા પપ્પા હાજર. રોજનાં બંધ બારણાં ને તાળાચાવીની આકરી કસરતને બદલે આજે દફ્તર સાથે પપ્પાએ જ તેડી લીધી. હસતા બે ચહેરા બકી-બકી રમ્યા-ન રમ્યા ત્યાં “છોડો, ભૈ છોડો... હાય... હા... કેટલી બધી ગરમી!” હાથપગ છટપટાવતી તીતલી પપ્પાની પકડમાંથી નીચે સરકી ગઈ ને પંખો ઑન કરી દીધો તે ફાસ્ટંફાસ્ટ...

કપડાં બદલતાં તીતલીને થયુંઃ આ સાચા પપ્પા છે કે રોજના જેવા? ખાતરી કરવા તે બહાર આવી તો લાગ્યું કે સાચુકલા જ પપ્પા છે, છાપું વાંચે છે. બાકી રોજના, રોજના પપ્પા તો એકાદ મિનિટ દેખાય ને ગાયબ થઈ જાય... ને વળી પાછા અચાનક ક્યાંક જડી પણ જાય...

“ચાલ જમવા.” ટેબલ પર બધું તૈયાર હતું. પાણી સુધ્ધાં.

“પપ્પા, તમે બપોરે ક્યાંથી?”

“તું જ તો રોજ રાડ ખાય છેઃ બપોરે એકલીને નથી ફાવતું... નથી ફાવતું...”

“તે?”

"આજે મેં આ ટાંટિયો જ તોડી નાખ્યો! રોજ હું એને ઘણું કરગરતો; "પગભાઈ, થોડી મહેરબાની કરો. માત્ર એક જ દિવસ ઘરમાં ટકી જાઓ. તીતલીને ગમતું નથી. પણ સાલો માને જ નહીં. તે આજે સવારે બાથરૂમમાં સાલાને એવો પટક્યો કે..."

"અરેરેરે..." તીતલીએ પગના પાટાને અડકતાં પૂછ્યું, "તમને દુઃખતું નથી?"

"ના રે ના," પપ્પાએ હસતાં હસતાં પાટો છોડતાં કહ્યું, "બધું ખોટેખોટું!"

"પણ ખોટું કેમ?"

"આપણી મમ્મી ખરી ને!"

"તે શું?"

"તને નહીં સમજાય!"

"કેમ નહીં સમજાય?"

"તું નાની છે."

"નાની છું?"

"ના, ખાસ્સી સાડાચાર વેંતની મોટ્ટી."

"હં..."

મમ્મીને રજા બચાવવાની ખૂબ જ લાય તે મોં ફુલાવી કહેઃ "ખોટ્ટી રજા નહીં બગાડવાની. અત્યારથી જ સાત તો વપરાઈ ગઈ."

તીતલીએ તાળીઓ પાડીને કહ્યું, "ફરીથી બોલો ને પપ્પા, પ્લીઝ?"

"આમ, મોં ફુલાવી બોલેઃ ખોટ્ટી રજા નહીં બગાડવાની...!"

"મમ્મી છે તો એવી જ. સાવ સ્વાર્થીલી?"

"તને કોણે કહ્યું?"

"બાજુવાળાં આન્ટીએઃ 'ચાલ બકુ મારે ત્યાં રમવા' કહી પરાણે લઈ જાય ને મને ઘોડિયાની દોરી પકડાવી પોતે ટી.વી. જુએ કે નસકોરાં બોલાવે ને ઉપરથી સંભળાવે, "તારી મમ્મી તો છે જ એવી. સાવ સ્વાર્થીલી. પૈસાની દાસી. છોકરીનો ભવ બગાડે છે."

પપ્પાનો કોળિયો હાથમાં રહી ગયો.

“કેમ એકાએક અટકી ગયા? ભાત નથી લેવાના?’

પપ્પાની જમવાની મજા મરી ગઈ, પણ જમાડવામાં મજા આવતી હતી. બંને થાળીમાં ભાત પીરસી પપ્પાએ વાતોનો દોર આગળ લંબાવ્યો.

“પણ નીચેવાળાં પેલાં – કયાં માસી?”

“રાધામાસી.”

“હા. એ તો સારાં છે!”

“સારાં જ છે ને!” તીતલીએ સબડકો ભર્યો, “પણ એમનો મુન્નો જોયો છે! સાવ કૂતરા જેવો. સોફે બેસું તો ‘મારો છે... મારો છે’ એમ ભસવા માંડે. ને હીંચકે બેસું તોય ‘મારો છે... મારો છે’ કરતો કરડવા આવે. ને માસીય કહેઃ “બેટા, આપણે છોકરીની જાતને નીચે બેસીએ. એમાં શું?”

લાઇટ ડૂલ થઈ ગઈ. પંખો બંધ થયો. ઉકળાટ વધ્યો.

હાથ ધોતાં પપ્પા સ્વયં બબડ્યા. “સાલો પ્રૉબ્લેમ તો છે જ.”

“શાનો પ્રૉબ્લેમ?”

“તારો.”

“મારો કોઈ પ્રૉબ્લેમ નથી.”

“ઘરમાં એકલી એકલી તને ફાવે?”

“કેમ ના ફાવે? ને હું એકલી ક્યાં હોઉં છું? તમે બંને પણ સાથે હોવ જ છોને! આ તો બપોરે તમે સર્વિસ પર જતા રહો એટલે લાઇટ જતી રહી હોય એવું લાગે. સહેજ અંધારું લાગે. પંખા વગર ઉકળાટ લાગે, પણ ઘર, ટી.વી. ને મારી રમતો તો હોય જ ને! તે રમ્યા કરું ને મમ્મી આવે કે ફુલ લાઇટ થઈ જાય... ને લાઇટની પાછળ પાછળ પંખો...”

પંખો ફરવા માંડ્યો. લાઇટ આવી ગઈ હતી. તીતલીએ હાથ ધોયા. પપ્પા થાળીઓ ઉઠાવવા લાગ્યા તો તીતલી વચ્ચે પડી, “રહેવા દો, એ તો મને આવડે છે.”

વરિયાળી ચાવતાં પપ્પા પલંગ પર પડ્યા ને તીતલી બોલી, “ફોનંફોની રમવું છે?”

"આપણા ઘરમાં ફોન ક્યાં છે?"

"અરે, એક નહીં હજાર ફોન છે ને ઉપરથી હૉટ લાઇન પણ." તીતલીએ કાન પર હાથ ધર્યો ને બોલી, "હલ્લો, મમ્મી. હું ઘેર આવી ગઈ છું. જમી લીધું ને પપ્પા સાથે ગપસપ ચાલે છે. લે, પપ્પા સાથે વાત કર." તીતલીએ મુઠ્ઠીવાળો હાથ પપ્પા સામે ધર્યો. પપ્પાએ પણ હાથ લંબાવી મુઠ્ઠી વાળી પછી કાને ધર્યો "પગે દુ:ખાવો છે ને તીતલીની વાતોથી વધી જાય છે." તીતલીએ પપ્પાને ગુંબો મારતાં કહ્યું, "ખોટુકડા..." ને પપ્પાએ સુધાર્યું "ના... ના... વાતોથી દુ:ખાવો ઘટે પણ છે!" ને ફોન મુકાયો.

"બોલો, તમારી ઑફિસમાંય મારા ફોન આવે છે કે નહીં?"

"હા... હા... આવે જ છે ને! મારું શાર્પનર જડતું નથી. શું કરું? ને હું શો જવાબ આપું છું તે તું કહે!"

"તમે કહો: હું ઘરે આવતાં શાર્પનર, પેન્સિલ ને ઇરેઝરનાં બૉક્સ લેતો આવીશ. ને હું મારો બર્થડે હોય એમ ખુશ ખુશ થઈ જાઉં."

"એક્ઝૅક્ટલી."

"ને સાંજે તમે ખાલી હાથે જ આવો."

"એક્ઝૅક્ટ... સૉરી બેટા, ઑફિસના કામમાં..."

પપ્પાજી તીતલી સાથે આંખ ન મિલાવી શક્યા. ને છાપાનાં પાનાં વચ્ચે મોં સંતાડ્યું.

"તો તમે આરામ કરો ને હું મારે એકલી રમું."

"ના રે. તારી સાથે મનભરી રમવા માટે તો રજા લીધી છે." છાપું ફગાવતાં પપ્પાએ પૂછ્યું, "બોલ પછી તું શું કરે?"

"ટી.વી. મચોડ મચોડ કરવાનું. ફટાફટ ચૅનલો બદલવાની. ઍડ્. જોવાની. બઢતે બચ્ચોં કે લિએ જોઉં ત્યાં મારું ફ્રૉક ટૂંકું પડી જાય. ચાર બુંદોવાલી જોઉં ને ફ્રૉક બગલાની પાંખ થઈ જાય. એસેલવર્લ્ડ મેં જાઉંગા મૈં ઘર કો નહીં નહીં જાઉંગા મૈં. જોવા તો તરસી જવું પડે. કલાકોનું તપ કરવું પડે. એક દિવસ 'હમ સબ સાથ-સાથ હૈં' આવવાનું હતું. તે મારી એક બાજુ મમ્મીની સાડી પહેરાવી ઢીંગલી-મમ્મી બેસાડી હતી, બીજી બાજુ તમારો પેલો ફ્રેમ કરેલો ફોટો ને વચ્ચે

હું ને શરૂ થયું 'હમ સાથ-સાથ હૈ' ને 'મારે હિવડા મેં નાચે મોર તક્ થૈયા... થૈયા...' તમારે ડાન્સ જોવો છે?"

"હા જ તો."

તીતલીએ ફટ કૅસેટ કાઢી પ્લેયરમાં મૂકી આઘી-પાછી કરી ને 'જુઓ, હસવાનું નહીં હોં?"

"હા."

"પ્રૉમિસ?"

"પ્રૉમિસ."

ને મમ્મીની સાડીનો ટુકડો ઓઢી 'તક્ થૈયા... થૈયા?' ચાલ્યું. પપ્પા ઝૂમી ઊઠ્યા. ગીત પૂરું થતાં તીતલીએ પ્લેયર સ્ટૉપ કર્યું ને હાંફતાં હાંફતાં બોલી, "તમે તે કેવા પપ્પા છો? તાળીઓ તો પાડો!"

"તેં જ તો ના પાડી હતી!"

"હસવાની ના પાડી હતી. તાળીઓ તો પડાય. અમારી સ્કૂલમાંય બધા તાળીઓ પાડે છે."

"ચાલ ફરી શરૂ કર. આ વખતે તાળીઓ પાડીશ. બસ."

થોડી વારે ફરી 'તક્ થૈયા... થૈયા' શરૂ થયું. ગીત ક્યારે પૂરું થાય તેની પપ્પાને જાણ નહીં. તે એક અંતરો પૂરો થયો ને પપ્પાએ તાળીઓ પાડવી શરૂ કરી. "અત્યારે નહીં... અત્યારે નહીં... હજુ બાકી છે..." તીતલી બોલતી રહી. તોય ગીત ચાલતું રહ્યું. ડાન્સ પણ ચાલતો રહ્યો ને તાળીઓ પણ...

"જુઓ મમ્મીને નહીં કહેવાનું."

"કેમ?"

"એ મારી પાસે ડાન્સ કરાવશે."

"તે કરવાનો!"

"શું ધૂળ કરવાનો? મને તેના જેટલો સરસ થોડો આવડે છે?"

"મમ્મીને ડાન્સ આવડે છે?"

"ખૂબ જ સુંદર. એક રવિવારે બપોરે તમે ન હતા ને અવાજ થતાં હું ઊંઘમાંથી જાગી ગઈ. જોઉં તો વાગતી કેસેટ સાથે મમ્મીજીનો ડાન્સ ચાલે 'તક્.. થૈયા... થૈયા...' પણ અને 'છૈયા... છૈયા'...' પણ. એણે જ તો મને શીખવ્યું છે."

"એ-એ-એમ?'

"હાસ્તો. પણ આ શું થઈ ગયું? મેં તો તમને કહી દીધું?"

"એમાં શું?"

"શું એમાં શું? મમ્મીએ તમને કહેવાની ના પાડી હતી."

"હવે?"

"મમ્મી કહેતી હતી એ જાણી જશે તો નચાવ્યા વગર નહીં છોડે."

પપ્પાને પહેલી વખત ગંધ આવી. તેમની ગેરહાજરીમાં ઘરમાં કેવળ કંઈ રંધાતું જ નથી, મહેફિલો પણ જામે છે!

"પણ ખરી મજા તો છૂપા ખજાનાની છે!"

"એમ?" પપ્પાને નવા એપિસોડના દરવાજા ખૂલતા દેખાયા, "ક્યાં છે એ છૂપો ખજાનો?" દબાયેલા સ્વરે પપ્પાએ પૂછ્યું.

"છે-એ-એ-ક દૂ-ઉ-ઉ-ઉ-ર' વધારે મંદ અવાજમાં રહસ્ય ઘૂંટતાં તીતલી બોલી, "પહેલાં ચોખા-મગનાં ખેતરોની ટેકરીઓ આવે!"

"ખેતરોની ટેકરીઓ?" મૂંઝાયેલા પપ્પાએ રંગમાં ભંગ પાડ્યો.

"કેમ, ના હોય? વચ્ચે કચકચ કરશો તો બંધ જ કરી દઈશ. પછી કિલ્લો કે ખજાનો કંઈ જોવા નહીં મળે, હા. કેમ વળી, ટેકરીઓ પર ખેતર ના હોય?"

"હોય."

"એ પાર કરીએ એટલે ઘઉં-ચોખાના લાલ-ધોળા ડુંગરા આવે."

"ઘઉં-ચોખાના ડુંગરા? હા, હોય હોય."

"હં, એ ઓળંગીએ એટલે એક ખૂણે સંતાઈને બેસેલી મધની કૂઈ આવે. એ કૂઈની બાજુમાં જ કિલ્લો. કિલ્લામાં ઠેરઠેર ભંડારેલા દારૂગોળા. વચ્ચે મહેલ. મહેલ ફરતું રાઇફલધારી લશ્કર ને મહેલમાં ભોંયરું. ભોંયરામાં ખજાનો-સોનું – ચાંદી ને રૂપિયાનાં બંડલો. તો જાઓ, ને લૂંટી લો ખજાનો!"

"આટલી બધી માયા! આ સાઠ વારના ફ્લૅટમાં!" પપ્પા મનોમન બબડ્યા ને કાન પકડતાં તીતલીને કહ્યું, "બેટા, હાર કબૂલ. આંગળી પકડી તું લઈ જાય તો જ ત્યાં જવાય..."

તીતલી પલંગ નીચે ઘૂસી ને પપ્પાને બોલાવવા લાગી. પપ્પાએ એ અંધારી ગુફામાં પ્રવેશવા પ્રયત્ન કર્યો પણ પલંગની પાઇપ જે લમણે અથડાઈ કે કપાળ ચોળતાં હારી ગયા, "તીતુ બેટા, મારાથી નથી અવાતું."

"ટ્રાય, યાર."

"સૉરી, યાર."

"તો ઠીક હૈ, ઇંતજાર કરો. પપ્પા કે વાસ્તે અપુન પૂરા કિલ્લા ઉઠા કે લાએગા." 'જય શ્રી રામ' કહી હનુમાનજી ઊડ્યા.

પપ્પા ઊંધા પડી જોતા હતા. તીતલીએ ચોખા-મગની ટ્રાન્સપરન્ટ બરણીઓ આઘીપાછી કરી. પછી 'ઊંહ... ઊંહ...' કરતાં ઘઉં-ચોખાના ડબ્બા ખસેડ્યા ને મમ્મીએ છેક ઊંડે સંતાડેલી મધની બાટલી સુધી પહોંચી ગઈ. ઢાંકણું ઊઘડવાનો અવાજ આવ્યો.

"તીતુ બેટા, શાનો અવાજ આવ્યો?"

"મધની કૂઈ-ઉઘાડું છું!" બાટલીમાં આંગળી નાખી મધ બે-ચાર વખત ચટાયું. પછી મૂળમાંથી કિલ્લો ખસેડવાનું અભિયાન શરૂ થયું. મહામહેનતે કિલ્લો હલ્યો, અવરોધો હડસેલાયા, ફરી મધુપાન થયું ને 'ઊંહ... ઊંહ...' મંત્રના રટણ સાથે કિલ્લો બહાર.

પપ્પાએ જોયું. તૂટેલા હૅન્ડલવાળી જૂની નહીં વપરાતી બૅગ હતી. તીતલીનો ચહેરો ને હથેળીઓ લાલચોળ... ને આખું શરીર પરસેવે રેબઝેબ. તીતલી લાંબા પગ કરી હાંફતી બેસી રહી. પપ્પાએ પંખો ચલાવ્યો ને પાણી પાયું.

પપ્પાએ ઘડિયાળમાં જોયું. બે તો ક્યારનાય વાગી ગયા હતા. પપ્પાને ચાની તલબ લાગી. "બે વાગ્યે અમારે રિસેસ પડે. તારે એવું હોય કે નહીં?"

"હોય ને. મમ્મીની બનાવેલી કોલ્ડ-કૉફી હોય, નમકીન હોય, બિસ્કિટ હોય."

"પણ જાતે કંઈ આવડે કે નહીં?" પપ્પાને તીતલીની પરીક્ષા લેવાનું મન થયું.

"આવડે ને. બાટલીમાંથી સૉફ્ટ ડ્રિંક બનાવું. કાલા ખટ્ટા, શાહી ગુલાબ..."

"અમારે તો ચા હોય. તને ન આવડે?'

"ના, ભૈ, ના. ગૅસને તો અડવાનું જ નહીં."

"કેમ?"

"મમ્મીએ રડતાં રડતાં બેથી ત્રણ વખત સોગંદ ખવડાવ્યા છેઃ ગૅસને તો અડવાનું જ નહીં બેટા, મારી લાજ તારે હાથ છે."

"સોગંદ શું હોય?"

"તોડીએ તો મમ્મી મરી જાય."

"એવું તે કંઈ હોય?"

"એવું જ હોય!"

"પપ્પાને ચા પીવી હોય તોય નહીં?"

"નહીં, જાતે બનાવો."

"ચા પાય તો પાંચ ચૉકલટ તારી."

"ચૉકલેટનું નામ નહીં દેવાનું. નહીંતર ઝઘડંઝઘડી થશે."

"કેમ? કેમ?"

"બાજુના બ્લૉકવાળો પેલો સાઇકલવાળો છોકરો નહીં?'

"કોણ?"

"નામ તો મનેય નથી આવડતું. આઠમા-નવમામાં ભણતો હશે. એક વખત સીડી ચડતાં પગથિયાં પર મળ્યો. એણે મને ચૉકલેટ આપી. મેં લઈ લીધી. પાછો બીજે દિવસેય સીડી પર મળ્યો ને ચૉકલેટ આપી પૂછે, 'તું ક્યાં સૂઈ જાય છે?' મેં કહ્યું – 'બેડરૂમમાં.' 'ને તારાં પપ્પા-મમ્મી?' મેં કહ્યું, 'મારી સાથે.' 'તેઓ રાતમાં શું કરે છે?' મેં કહ્યું, 'ઊંઘી જાય છે.' 'એમ નહીં, સાચું બોલ...' 'સાચું જ બોલું છું' કહી કંટાળેલી હું ઉપર ભાગવા ગઈ તો પગ આડો મૂકી રસ્તો રોકી દીધો ને મારા માથાની રિબન છોડી નાખી. ત્યાં રાધામાસી આવ્યાં, 'અલ્યા, છોકરીને શું કામ હેરાન કરે છે?' કહી એને ભગાડ્યો ને મને કહે, 'બોન, છોકરીને બદલે છોકરો થવું હતું ને.' મેં પૂછ્યું, 'શું કામ?' તો કહે, 'છોકરીઓને લોકો તંગ કરે, ઉપાડીય જાય. છોકરાની જાતને કોઈ ચિંતા નહીં.'

તે હેં પપ્પા, છોકરો બનવા શું કરવું જોઈએ?"

"તમે છોકરા છો તે તમને ખબર હશે ને? હેં પપ્પા, તમે મમ્મીને ઉઠાવી લાવ્યા છો?" પરીક્ષા લેવા નીકળેલા પપ્પાની અગ્નિપરીક્ષા થતી હતી.

તીતલીના હાથનું શાહી-ગુલાબ પીવાયું. પછી ખેંચંખેંચ કરી તીતલીએ કટાયેલી ચેન ઉગાડી ને કડડડ... થતો કિલ્લાનો દરવાજો ઊઘડ્યો.

દરવાજે જ મમ્મીની ન જડતી કેટલીક સાડીઓના લીરા ઊડતા હતા. જેના માટે 'વળગણી ઉપરથી જાય ક્યાં?' કરી પાડોશણો સાથે જંગ ખેલાયો હતો.

"આ સાડીઓ શું કામ?"

"કેમ? ઢીંગલી મમ્મીને પહેરવા ન જોઈએ?"

"જોઈએ, પણ એ જૂની-ફાટેલી પણ ચાલે ને!"

"શું કામ ચાલે? મારી મમ્મી જૂની સાડી શું કામ પહેરે?"

"ચાલો, ઢીંગલી-મમ્મીનેય નવીનકોર સાડી જોઈએ. મંજૂર... પણ આ ત્રણ-ચાર સાડીઓનું સત્યાનાશ..."

"મારી મમ્મી એકની એક સાડી શું કામ પહેરે? કેમ, તમારે એને ભિખારણ બનાવવી છે?"

પપ્પાજી માથે હાથ મૂકી રહી ગયા.

"તો પછી ઢીંગલા-પપ્પાને પૅન્ટ-શર્ટ કેમ નહીં?"

"સીવવાં પડે ને! એ કોને આવડે? એટલે પપ્પાનો ફોટો ને મમ્મીની સાડી..."

સાડીઓ નીચે સિગારેટ અને માચીસનાં બેશુમાર ખોખાં ને તમાકુની વાસ. હવે પપ્પાને સમજાયું કે લાખ ખુલાસા કરવા છતાં 'પપ્પા સિગારેટ પીએ જ છે'ની શંકા મમ્મી માટે કેમ શંકા જ રહેતી હતી!

"આ ખોખાં?"

"શૂ... ઊં...ઊં...ઊં... ખોખાં નથી. સૈનિકો છે.'

"પણ એમને તો એક જ સાડીના લીરા લપેટ્યા છે."

"સમજતા કેમ નથી? સૈનિકોને તો યુનિફૉર્મ જ હોય ને!"

"તીતુ બેટા, ખરેખર આપણે તો હારી ગયા."

પપ્પાને હરાવવાની તીતલીને મજા આવતી હતી. સળીઓ બતાવતાં કહે, "આ એમની રાઇફલો..."

"ને કારતૂસો?"

"વો અંદર કા મામલા હૈ..." તીતલી હસી.

"પણ આ બધું કોના માટે?"

"બાવાઓ માટે, ગુંડાઓ માટે, ચૉકલેટવાળાઓ માટે... ઠાંય... ઠાંય... ઠાંય... ઠાંય... ને ખલ્લાસ."

પપ્પાને પરસેવો વળ્યો. તીતલી પોરસાતી હતી. તે એક ખૂણામાંથી ઈંટ ઉપાડતાં બોલી, "આ રૂપિયાની બૅન્ક... રૂપિયા જ રૂપિયા..." તેનો ચહેરો જાણે નગદ રૂપિયાના તેજથી ચમકવા લાગ્યો. પપ્પાએ જોયું દુનિયાભરની રંગબેરંગી પસ્તીનાં બંડલો પર રબરબેન્ડ ભરાવ્યાં હતાં.

"પણ આ બધું શું કામ?"

"પહેલાં મમ્મીને નોકરી છોડાવી દેવાની... પછી તમારી..."

"પછી?"

"પછી ચોવીસે કલાક આપણે ઘર-ઘર રમવાનું."

પપ્પા જોતા જ રહ્યા. તીતલીની તેજોમય આભામાં નહાતા જ રહ્યા.

ત્યાં તીતલીનો મિજાજ બદલાયો. 'રેડ અલર્ટ... સૈનિકો સાવધાન... મમ્મી કી સવારી...' રૂપિયા સંતાઈ ગયા. ભોંયરું ઢંકાયું. સૈનિકો એક કતારમાં ચીપોચીપ ગોઠવાઈ ગયા. તોતિંગ દરવાજો ચર્ર્ર્ર્ર્ થતો દેવાઈ ગયો ને ખસતો ખસતો કિલ્લો અંધારામાં ખોવાઈ ગયો.

પપ્પા સોફા પર ગોઠવાઈ ગયા. હાથ લાગ્યો તે પાટો પગે વીંટાઈ ગયો. પગ સોફા પર ગોઠવાઈ ગયો.

"તીતુ, તેં બધું બતાવ્યું પણ તારું ભણવાનું...?"

"તે છ વાગ્યે તમે બંને દુનિયાભરની માખીઓ લઈને આવો છો જ ને! ને હું ઊંઘું ત્યાં સુધી 'ભણભણ... ભણભણ...' કર્યા જ કરો છો ને!"

ત્યાં કૉલ-બેલ રણકી.

"કોણ?" – તીતલી આ બાજુ.

"હું." – મમ્મી, પેલી બાજુ.

"હું નહીં. કોડવર્ડ બતાઈએ.

"હં... હીરે કી અંગૂઠી."

"વો તો સેટરડે કા હૈ. આજ કા – મન્ડે કા બતાઈએ."

"વેજિટેબલ માર્કેટ."

"ઓ.કે."

ને દરવાજો ખૂલ્યો તો અઠવાડિયાનાં શાકભાજી, બ્રેડ-બટર, બિસ્કિટ સૌ ઠલવાયાં ને હા સાથે મમ્મી પણ.

પછી પાણી પીવાયું. ચા બની. નાસ્તા ખવાયા. ત્યાં – "જલદી કરો... જલદી કરો, સાત-ત્રીસની ડૉક્ટરની અપૉઇન્ટમેન્ટ છે!"

"પણ મમ્મી, પપ્પા તો નાટક કરે છે." પપ્પાની દિવસભરની વહાલી બેટી પલવારમાં મમ્મીની થઈ ગઈ.

"તે હુંય ક્યાં સાચી અપૉઇન્ટમેન્ટ લઈને આવી છું!"

"તેં કેમ જાણ્યું?"

"ક્યાં સવારનો પાટો ને ક્યાં અત્યારનો પાટો!"

ખાઈ-પી તીતલી ઊંઘી ગઈ. આજે 'ભણભણ'ની માખીઓ ઊડી નહીં. મોડી રાત સુધી પપ્પા બોલતા રહ્યા ને મમ્મી સાંભળતી રહી. છેવટે પપ્પાય ઊંઘી ગયા.

મમ્મીના મનમાં રાતભર એક જ વિચાર ઘૂમરાતો રહ્યો : "ક્યારેક તો ટાંટિયો તોડવો જ જોઈએ."

•